**આંક–૧૦**

## શ્રી ડી.પી.પુંજાણી, પ્રિસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ, ભરૂચ સમક્ષ.

**રેફરન્સ (ટી.) (એલ.સી.બી.) નં. ૭/૨૦૨૨**

**<u>પ્રથમ પક્ષકાર</u> :** શ્રી આર.કે.ભકત વિદ્યાલય
નેત્રંગ, જી. ભરૂચ.

**–:: અને ::–**

**<u>બીજા પક્ષકાર</u> :** મહિદા હિનાબેન કનકસિંહ
કેલવીકુવા, તા. નેત્રંગ, જી. ભરૂચ.

**<u>હાજર રહયા</u> :** પ્રથમ પક્ષકાર તરફે– વિ.વ.શ્રી આસીફભાઈ શેખ
બીજા પક્ષકાર તરફે – વિ.વ.શ્રી કે.ડી.પરમાર

### –:: <u>એવોર્ડ</u> ::–

**(૧)** ઉપરોકત પક્ષકારો વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ ૧૯૪૭ ની કલમ ૧૦(૧) હેઠળના પ્રબંધો નીચે મદદનીશ શ્રમ આયુકત કચેરી, ભરૂચના કચેરી હુકમ ક્રમાંક : કે.એચ./એસ.એસ./એચ./એમ.સી./મશ્રઆ/ભ/આઈડીઆર/૧૮૨/૨૦૨૧/૫૬૨૫, તા. ૩૧/૧૨/૨૦૨૧ થી વિવાદના ન્યાયીક નિર્ણય માટે આ કોર્ટને સુપ્રત કરવામાં આવેલ છે. વિવાદ અનુસુચિ વિગતે :

### –:: <u>અનુસુચિ</u> ::–

શ્રી, મહિદા હિનાબેન કનકસિંહ, ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

**(૨)** સદરહુ રેફરન્સ કેસ સંદર્ભે બીજા પક્ષકારે આંક–૬ થી માગણાનું નિવેદન રજુ કરેલ અને ત્યારબાદ પ્રથમ પક્ષકાર તરફેથી આંક–૭ થી લેખીત જવાબ રજુ થયેલ અને આંક–૮ થી પ્રાથમિક મુદ્દાની અરજી રજુ થયેલ.

(૩) આજરોજ આ કામના બીજા પક્ષકાર જાતે હાજર છે અને તેમના વિ.વકીલશ્રી હાજર છે તથા પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલશ્રી હાજર છે. બીજા પક્ષકાર ધ્વારા લેવામાં આવેલ હાલની તકરાર દાખલ કર્યા બાદ આંક–૯ થી સદર તકરાર ટ્રીબ્યુનલ અમદાવાદમાં દાખલ કરવા માંગતા હોય હાલનો રેફરન્સ વિડ્રો કરી ગુજરાત પ્રાથમિક શિક્ષણ ટ્રીબ્યુનલ સમક્ષ દાખલ કરવાની શરતે પરત ખેંચતા હોય માંગ્યા મુજબની શરતી વિડ્રો કરવાની પરવાનગી આપવામાં આવે છે અને તે મુજબ રેફરન્સ (ટી.) (એલ.સી.બી.) નં. ૭/૨૦૨૨ કેસ ફેંસલ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ: ૦૪/૦૫/૨૦૨૬**
**સ્થળ : ભરૂચ.**

**(દેવેશ પ્રદ્યુમનભાઈ પુંજાણી)**
**જીજે૦૦૬૫૫**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત નં.–૧, ભરૂચ**